NAVBHARAT
TOURISM PVT. LTD.

NES 2025-1

# નોર્થ ઈસ્ટ

૮ રાત્રી

**૨ ગેંગટોક - ૧ લાચુંગ - ૧ ગેંગટોક - ૨ પેલીંગ - ૨ દાર્જીલીંગ**




## ન્યુ જલપાઈગુડી/બાગડોગરા પહોંચવાની તારીખ

| | |
|---|---|
| **એપ્રિલ** | : ૨૫, ૨૯ |
| **મે** | : ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧ |
| **જૂન** | : ૪ |

## પ્રતિ વ્યક્તિ ટુર પેકેજ (ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.)

| દર પ્રતિ વ્યક્તિ ૨ વ્યક્તિ વચ્ચે | દર પ્રતિ વ્યક્તિ ૩ વ્યક્તિ વચ્ચે | બાળક (સીટ સાથે) (પથારી વગર/૬-૧૦ વર્ષ) | બાળક (સીટ સાથે) (પથારી વગર/૩-૫ વર્ષ) |
|---|---|---|---|
| રૂા. ૩૬૫૦૦/- | રૂા. ૩૫૦૦૦/- | રૂા. ૨૬૦૦૦/- | રૂા. ૧૮૦૦૦/- |

**૩ વર્ષ સુધીનું બાળક ફ્રી**

બુકીંગ ફોર્મમાં ૩ થી ૧૦ વર્ષ સુધીના બાળકની વિગત આપવી તથા બુકીંગ સમયે તે બાળકનું ફોટો આઈ-ડી અને જન્મનું પ્રમાણપત્ર ઓફિસમાં આપવું ફરજીયાત છે. અન્યથા ઓફિસમાં જાણ કર્યા વગરના બાળકની રકમ ટુર મેનેજરને ટુર ઉપડતા પહેલા ચૂકવવાની રહેશે.

### દિવસ-૧ : ન્યુ જલપાઈગુડી/બાગડોગરાથી ગેંગટોક

ન્યુજલપાઈગુડી રેલ્વે સ્ટેશન/બાગડોગરા એરપોર્ટ આગમન અને અહીંથી વાહન દ્વારા ગેંગટોક જવા માટે પ્રસ્થાન. ગેંગટોક આગમન અને હોટલમાં ચેક-ઈન. હોટલમાં આરામ અને સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ ગેંગટોક**

| બ્રેકફાસ્ટ : નથી | લંચ : નથી | ડીનર : ગેંગટોક |
|---|---|---|

### દિવસ-૨ : ગેંગટોકથી છાંગુ લેક (૪૩ કિ.મી. ૩ કલાક)

સવારે ગેંગટોક થી ૪૩ કિમી. ના અંતરે આવેલ છાંગુ લેક જવા માટે પ્રસ્થાન. રસ્તામાં તાશી વ્યુ પોઈન્ટ અને હનુમાન ટોકની મુલાકાત. ત્યાર બાદ છાંગુલેક તથા બાબા હરભજન સીંગ મંદિરની મુલાકાત. અહીં યાકની સવારીનો સ્વખર્ચે આનંદ માણી શકો છો. અહીંથી ૭ થી ૮ કિમી.ના અંતરે ચાઈના બોર્ડર આવેલી છે, જે નાથુલા પાસ તરીકે ઓળખાય છે. (નાથુલા પાસ પરમીટના વાહન દીઠ આશરે રૂા. ६૦૦૦/- અલગથી ચૂકવવાના રહેશે.) **રાત્રી રોકાણ ગેંગટોક**

| બ્રેકફાસ્ટ : ગેંગટોક | લંચ : ફુડપેકેટ | ડીનર : ગેંગટોક |
|---|---|---|

### દિવસ-૩ : ગેંગટોકથી લાચુંગ (૧૦૫ કિ.મી. ૬ કલાક)

સવારે ગેંગટોક થી લાચુંગ જવા માટે પ્રસ્થાન. કાબી લોંગસોક અને સેવન સીસ્ટર્સ વોટર ફોલ્સ, નાગા વોટર ફોલ્સ અને એબી વોટર ફોલ્સની મુલાકાત. લાચુંગ આગમન અને હોટલમાં ચેક-ઈન. લાચુંગ દરીયાઈ સપાટીથી આશરે ૮૦૦૦ ફુટ ઊંચાઈએ આવેલ છે. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ લાચુંગ**

| બ્રેકફાસ્ટ : નથી | બ્રંચ: ગેંગટોક | ડીનર : લાચુંગ |
|---|---|---|

### દિવસ-૪ : લાચુંગથી યુમથાંગ થઈ ગેંગટોક

વહેલી સવારે લાચુંગથી યુમથાંગ વેલી અને ઝીરો પોઈન્ટ જવા માટે પ્રસ્થાન. યુમથાંગ વેલી અને ઝીરો પોઈન્ટ ના પરમીટના વાહન દીઠ આશરે રૂા. ૪૦૦૦/- અલગથી ચૂકવવાના રહેશે. કુદરતી સૌંદર્યની વચ્ચે આવેલ આ સ્થળ યુમથાંગ વેલીથી પ્રખ્યાત છે. અહીં ઊગતા રંગબેરંગી ફુલોના કારણે આ સ્થળ વેલી ઓફ ફ્લાવરના નામથી પ્રચલિત છે. જે દરીયાઈ સપાટી થી આશરે ૧૧૮૦૦ ફુટ/૩૫૯૮ મીટરની ઊંચાઈએ આવેલું છે. ત્યાર બાદ ગેંગટોક જવા માટે પ્રસ્થાન. ગેંગટોક આગમન અને હોટલમાં ચેક-ઈન. **રાત્રી રોકાણ ગેંગટોક**

| બ્રેકફાસ્ટ : લાચુંગ | લંચ : લાચુંગ | ડીનર : ગેંગટોક |
|---|---|---|

### દિવસ-૫ : ગેંગટોકથી પેલીંગ (૧૫૦ કિ.મી. ૭ કલાક)

સવારે ગેંગટોકથી પેલીંગ જવા પ્રસ્થાન. રસ્તામાં આવતા નામચી (ચારધામ)ની મુલાકાત લઈ પેલીંગ આગમન અને હોટલમાં ચેક-ઈન. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ પેલીંગ**

| બ્રેકફાસ્ટ : ગેંગટોક | લંચ : રેસ્ટોરન્ટ માંથી | ડીનર : પેલીંગ |
|---|---|---|

### દિવસ-૬ : પેલીંગ

સવારે સ્કાયવૉક અને પક્ષી અભિયારણની મુલાકાત. ત્યાર બાદ કંચનગંગા વોટર ફોલ્સની મુલાકાત. પેલીંગના કુદરતી સૌંદર્ય જોવાની મજા માણો. ત્યાર બાદ અહીં આવેલ દર્પ વીલેજ, રીમ્બી વોટરફોલ અને કીંચ્યોપાલરી સરોવરની મુલાકાત. **રાત્રી રોકાણ પેલીંગ**

| બ્રેકફાસ્ટ : પેલીંગ | લંચ : પેલીંગ | ડીનર : પેલીંગ |
|---|---|---|

### દિવસ-૭ : પેલીંગથી દાર્જીલીંગ (૮૦ કિ.મી. ૪ કલાક)

સવારે પેલીંગથી દાર્જીલીંગ જવા માટે પ્રસ્થાન. રસ્તામાં આવતા ચા ના બગીચાની મુલાકાત. ત્યાર બાદ દાર્જીલીંગ આગમન અને હોટલમાં ચેક-ઈન. અહીં તમે સ્વખર્ચે ટોયટ્રેનની મજા પણ માણી શકો છો. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ દાર્જીલીંગ**

**(નોંધ : ટોયટ્રેનની ટિકિટ irctc.co.in પરથી સાંજે ૪-૦૦ કલાક પછીની લેવી.)**

| બ્રેકફાસ્ટ : પેલીંગ | લંચ : દાર્જીલીંગ | ડીનર : દાર્જીલીંગ |
|---|---|---|

### દિવસ-૮ : દાર્જીલીંગ

સવારે ૪ કલાકે ટાઈગર હીલ પરથી સૂર્યોદયનો અદ્‌ભૂત નઝારો અને કંચન-જંગાનીની પહાડીઓનું કુદરતી સૌંદર્ય માણો (હવામાનને આધીન). કંચન-જંગા વિશ્વનો ત્રીજો સૌથી ઊંચો પર્વત છે. રસ્તામાં ઘૂમ મોનેસ્ટ્રી, બટાસીયા લૂપ, જાપાનીસ મંદિર, તેન્જીંગ તીબેટન રેફ્યુજી સેન્ટર (રવિવારે બંધ), ચાના બગીચા, ટોય ટ્રેન, ઝુ પાર્ક અને હિમાલયા માઊન્ટેન્યરીંગ (ગુરુવારે બંધ)ની મુલાકાત. **રાત્રી રોકાણ દાર્જીલીંગ**

| બ્રેકફાસ્ટ : દાર્જીલીંગ | લંચ : દાર્જીલીંગ | ડીનર : દાર્જીલીંગ |
|---|---|---|

### દિવસ-૯ : દાર્જીલીંગથી ન્યુ જલપાઈગુડી/બાગડોગરા (૭૫ કિ.મી. ૩ કલાક)

સવારે દાર્જીલીંગથી ન્યુજલપાઈગુડી રેલ્વે સ્ટેશન / બાગડોગરા એરપોર્ટ જવા પ્રસ્થાન. નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત યાદગાર પ્રવાનાં અનુભવ સાથે ન્યુ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન/બાગડોગરા એરપોર્ટ પર ડ્રોપ કરવામાં આવશે.

| બ્રેકફાસ્ટ : દાર્જીલીંગ | લંચ : નથી | ડીનર : નથી |
|---|---|---|



info@navbharattourism.com
www.navbharattourism.com
1, Space Complex, 22, New Jagnath, Dr. Yagnik Road, Rajkot, Gujarat - 360 - 001
98258 04076 / 99258 04076 / 74050 90090

# નોર્થ ઈસ્ટ પ્રવાસ અંગેની અગત્યની સૂચના

- **દરેક જગ્યાએ રૂમની સાઈઝ ૧૦"X૧૧" ફુટની હોય છે.**
- **ન્યુ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન તથા બાગડોગરા એરપોર્ટ પર ગ્રુપ પીકની વ્યવસ્થા છે, જેથી વહેલા આવનાર પ્રવાસીઓએ અન્ય પ્રવાસીની રાહ જોવાની રહેશે. બધા પ્રવાસીના પીક અપ થઈ ગયા બાદ ગેંગટોક જવા માટે પ્રસ્થાન કરવામાં આવશે.**
- **ટુર પ્રથમ દિવસે ગેંગટોક પહોંચશે અને સાંજના ડીનરથી શરૂ થશે.**
- દરેક પ્રવાસીએ પોતાના ૬ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ અને અસલ ઓળખપત્ર (ઈલેક્શન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ) સાથે રાખવું ફરજીયાત છે. પાનકાર્ડ અને આધાર કાર્ડ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણાશે નહીં. ૩ વર્ષથી મોટા બાળકનું આઈ-ડી કાર્ડ રાખવું ફરજીયાત છે.
- લાચુંગ સિવાય દરેક જગ્યાએ ભોજનની વ્યવસ્થા નવભારત ટુરીઝમના કીચનમાંથી રહેશે. લાચુંગમાં ભોજનની વ્યવસ્થા હોટલમાંથી રહેશે.
- નોર્થ ઈસ્ટમાં ગાડીઓ યુનીયનમાંથી આવતી હોવાથી ટુરમાં સ્કોર્પીઓ, ઝાયલો અને ઈનોવા ત્રણમાંથી કોઈપણ એક વાહન આપવામાં આવશે. જેમાં બાળક સહિત એક વાહનમાં ફક્ત ૬ વ્યક્તિ જ બેસી શકશે. યુનીયનના નિયમ પ્રમાણે વાહનની વ્યવસ્થા પોઈન્ટ ટુ પોઈન્ટ જ રહેશે. પ્રવાસના કાર્યક્રમ મુજબ દરરોજ વાહન બદલાતું રહેશે. દરેક વાહન નોન એ.સી. રહેશે.
- દરેક પ્રવાસીએ મેનેજરે આપેલ સમયે તૈયાર થઈને રીસેપ્શન એરીયામાં આવી જવાનું રહેશે. યુનીયનમાંથી ગાડી આવતી હોવાથી સમય થોડો આગળ પાછળ થઈ શકે છે. જેથી તે બાબતે કોઈએ તકરાર કરવી નહીં.
- **પ્રવાસીઓએ દરરોજ રોટેશન પ્રમાણે બેસવાનું રહેશે.**
- **વ્યક્તિદીઠ ૧૫ કિ.ગ્રામ ની એક જ લગેજ બેગ અને એક હેન્ડ લગેજ બેગ રાખવી.** ઉપર જણાવેલ ગાડીના કેરીયરમાં ૪ થી ૬ બેગ જ આવી શકે છે. વધારે લગેજ વાહનમાં આવી શકશે નહીં. જેથી પ્રવાસ દરમ્યાન લગેજને લઈને કોઈ તકરાર કરવી નહીં.
- નાથુલા પાસ બોર્ડરની મુલાકાત માટે પ્રતિ વાહન રૂા. ૬૦૦૦/- અલગથી ચૂકવવાના રહેશે. સોમવાર અને મંગળવાર પ્રવાસીઓની મુલાકાત માટે નાથુલા પાસ બંધ રહેશે.
- ઝીરો પોઈન્ટની મુલાકાત માટે પ્રતિ વાહન પરમીટના રૂા. ૪૦૦૦/- અલગથી ચૂકવવાના રહેશે.
- દરેક જગ્યાએ નોન એ.સી. ડીલક્ષ હોટલ (બિલ્ડીંગ હોટલ)ની વ્યવસ્થા રહેશે. ગેંગટોક અને દાર્જીલીંગની સરખામણીમાં લાચુંગ અને પેલીંગમાં સામાન્ય કેટેગરીની હોટલની વ્યવસ્થા રહેશે. રૂમ હિટરની વ્યવસ્થા પ્રવાસીએ હોટલમાંથી સ્વખર્ચે લેવાની રહેશે.
- લાચુંગનો રસ્તો બંધ હશે તો અન્ય સ્થળે રાત્રી રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે.
- કોઈ કારણસર છાંગુલેક અને બાબા મંદિરનું સાઈટસીઈંગ ન થાય તો અન્ય સ્થળોના સાઈટસીઈંગની વ્યવસ્થા કરવામાં આવશે.
- કોઈપણ કારણસર પ્રવાસ કાર્યક્રમમાં જણાવેલ સ્થળની મુલાકાત લેવાનું શક્ય ન થાય તો પ્રવાસ કંપની દ્વારા નક્કી કરેલ અન્ય સ્થળોના મુલાકાત કરાવવામાં આવશે. પ્રવાસીઓની મરજી મુજબ કોઈપણ સાઈટસીઈંગ રહેશે નહીં. જેની દરેક પ્રવાસીઓએ નોંધ લેવી. જેથી પ્રવાસ સમયે આવા કોઈ સંજોગોમાં ઘર્ષણની પરિસ્થિતિ ઉદ્‌ભવે નહીં.
- દિવસ દરમ્યાન સ્થળો જોવાની મહત્તમ મર્યાદા ૪-૦૦ કલાકની જ રહેશે.
- કોઈપણ કારણસર કોઈ સાઈટસીઈંગ ન થાય તો બીજા દિવસે તે કરાવવામાં આવશે નહીં. જેની દરેક પ્રવાસીએ ખાસ નોંધ લેવી.
- ટાઈગર હીલની મુલાકાત લેનાર પ્રવાસીએ ગાડીના પાર્કિંગથી હીલ પોઈન્ટ સુધી ચાલતા જવાનું રહેશે.
- પ્રવાસ દરમ્યાન કોઈપણ સ્થળની પ્રવેશ ફી પ્રવાસીએ જાતે ચૂકવવાની રહેશે.
- **પ્રવાસીએ ટોયટ્રેનની ટિકિટ irctc.co.in ઉપરથી સાંજે ૪-૦૦ કલાક પછીની સ્વખર્ચે બુક કરવાની રહેશે.**
- માર્ગ અને પરિવહનની વ્યવસ્થા અન્ય સ્થળોની સરખામણીમાં સાધારણ કક્ષાની હોય છે. તે અંગે કોઈ પણ તકરાર કરવી નહીં.
- પ્રવાસમાં જરૂરી સંખ્યા ન થાય તો તેવા પ્રવાસમાં સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. લંચ રહેશે નહીં. આ પ્રવાસમાં મેનેજરની વ્યવસ્થા રહેશે નહીં.
- આ સંજોગોમાં પ્રવાસ રદ કરાવનાર પ્રવાસીએ એર ટિકીટ અથવા રેલ્વે ટિકીટનું કેન્સલેશન પોતે ભોગવવાનું રહેશે. કંપની જવાબદાર નથી.
- ગેંગટોક, લાચુંગ અને પેલીંગમાં પ્લાસ્ટીક ઉપર કડક પ્રતિબંધ હોવાથી પ્રવાસ દરમ્યાન પાણીના બોટલની વ્યવસ્થા કંપની તરફથી રહેશે નહીં. જેથી દરેક પ્રવાસીએ પોતાની પાસે પેટ વોટર બોટલ રાખવાની રહેશે.

## હોટલના નામ

| | | |
|---|---|---|
| GANGTOK | Pahuna Retreat or Similar | 2N |
| LACHUNG | Lachung Continental or Similar | 1N |
| GANGTOK | Pahuna Retreat or Similar | 1N |
| PELLING | Hotel Sonamchen or Similar | 2N |
| DARJEELING | Hotel New Mandala or Similar | 2N |



info@navbharattourism.com
www.navbharattourism.com
1, Space Complex, 22, New Jagnath, Dr. Yagnik Road, Rajkot, Gujarat - 360 - 001
98258 04076 / 99258 04076 / 74050 90090